**સરદાર પટેલ આવાસ યોજના હેઠળ આવાસ વિહોણા તથા કાચા આવાસો ધરાવતા ૧૭ થી ૨૦ નો ગુંણાક ધરાવતા બી.પી.એલ. કુટુંબોને આવાસો પુરા પાડવાની મંજૂરી બાબત**

# ગુજરાત સરકાર
## પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
## ઠરાવ ક્રમાંક : એસીએસ/૧૦૨૦૧૨/૧૦૧૧૨૩/લ
## સચિવાલય, ગાંધીનગર
## તારીખ : ૩/૦૮/૨૦૧૨

**વંચાણે લીધા :**

(૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨/૪/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક : એસીએસ/૧૦૨૦૧૨/૧૦૧૧૨૩/આવાસ યોજના/લ

(૨) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી તરફથી સીંગલ ફાઈલ સીસ્ટમથી મળેલ નોંધ ક્રમાંક : વિ.ક./કાર્યક્રમ-૧/૧૯૭૭/૨૦૧૨, તા.૩૦/૭/૨૦૧૨

**પ્રસ્તાવના :-**

રાજયમાં ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા બી.પી.એલ. લાભાર્થીઓને ઈન્દિરા આવાસ યોજના, સરદાર આવાસ યોજના, આદિમજૂથ આવાસ યોજના, પંડિત દીનદયાલ યોજના, આંબેડકર આવાસ યોજના ઈત્યાદિ હેઠળ આવાસની સુવિધા પૂરી પાડવામાં આવેલ. ૦ થી ૧૬ સ્કોર ધરાવતા મોટા ભાગના બી.પી.એલ. લાભાર્થીઓને જુદી જુદી આવાસ યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલ હોઈ આ વિભાગના વંચાણ-૧ માં જણાવેલ દર્શાવેલ ઠરાવથી ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા બી.પી.એલ. લાભાર્થીઓને પણ ઉપરોક્ત યોજનાઓ હેઠળ આવરી લેવા ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારે નિર્ધાર કરેલ છે કે ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા અને કાચા આવાસ ધરાવતા તમામ લાભાર્થીઓને આવાસની સુવિધા ઉપલબ્ધ થાય તે સારું સહાય કરવા નીતિવિષયક નિર્ણય લીધેલ છે. જેથી કરીને આ ગુણાંક ધરાવતા કોઈ પણ લાભાર્થી આવાસથી વંચિત ન રહી જાય તે હેતુને લક્ષમાં લઈ બાકી રહેતા આવાસ વિહોણા તથા કાચા આવાસો ધરાવતા તમામ લાભાર્થીઓને આવાસનો લાભ પુરો પાડવા માટે કાળજીપુર્વકની વિચારણાને અંતે આ યોજનાનું વિસ્તૃતીકરણ કરવા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :–**

તા.૧/૪/૨૦૧૨ ની સ્થિતિએ રાજ્ય સરકારે ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા બાકી કુટુંબોને તેમજ કાચા આવાસ ધરાવતા બાકી રહેતા તમામ કુટુંબોને આવાસની સુવિધા પુરી પાડવા સારું આ યોજનાનું વિસ્તૃતીકરણ કરવાનો નિર્ણય લીધેલ છે અને તે માટે સને ૨૦૧૨–૧૩ ના અંદાજપત્રમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા ૭૮,૮૧૬ બી.પી.એલ. કુટુંબો માટે રૂા.૩૫,૪૬૭.૨૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ તેમાં વધારો કરી હવે ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા બાકી રહેતા ૩,૫૩,૮૮૬ બી.પી.એલ. કુટુંબો માટે કુલ રૂા.૧,૫૯,૨૪૮.૭૦ લાખ(અંકે રૂપિયા એક હજાર પાંચસો બાણું કરોડ અડતાળીસ લાખ સીત્તેર હજાર પુરા)ની વધારાની જોગવાઈની મંજૂરી (સામાન્ય, ખાસ અંગભૂત યોજના અને ટ્રાયબલ સબ–પ્લાન હેઠળ દર્શાવેલ વધુ રકમની ગ્રાન્ટ આગામી સુધારેલ અંદાજપત્રમાં રજુ કરીને મંજૂરી મેળવવાની શરતે) નીચેની શરતોને આધીન રહીને આપવામાં આવે છે.

આવાસ વિહોણા તેમજ કાચા આવાસો ધરાવતા લાભાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| સદર | વર્ષ ૨૦૧૨–૧૩ બજેટમાં આવરી લીધેલ લાભાર્થીઓ | આવાસ વિહોણા તથા કાચા આવાસ ધરાવતા વધારાના લાભાર્થીઓ |
|---|---|---|
| જનરલ | ૧૭૦૦૨ | ૧૭૫૭૬૫ |
| ટ્રાયબલ | ૪૫૦૬૭ | ૧૬૩૨૫૧ |
| ખાસ અંગભૂત | ૧૬૭૪૭ | ૧૪૮૭૦ |
| કુલ | ૭૮૮૧૬ | ૩૫૩૮૮૬ |

વર્ષ ૨૦૧૨–૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઈ તેમજ વધારાની કરવાપાત્ર જોગવાઈની વિગતો નીચે મુજબ છે.

| સદર | વર્ષ ૨૦૧૨–૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઈ (રૂા.લાખમાં) | વધારાની સુધારેલ જોગવાઈ (રૂા.લાખમાં) | કુલ જોગવાઈ (રૂા.લાખમાં) |
|---|---|---|---|
| માંગણી ક્રમાંક–૭૧ નોર્મલ | ૭૬૫૧ | ૭૯૦૯૪.૨૫ | ૮૬૭૪૫.૨૫ |
| માંગણી ક્રમાંક – ૯૬ ટી.એ.એસ.પી. | ૨૦૨૮૦.૨૫ | ૭૩૪૬૨.૯૫ | ૯૩૭૪૩.૨૦ |
| માંગણી ક્રમાંક– ૯૫ એસ.સી.પી. | ૭૫૩૬ | ૬૬૯૧.૫૦ | ૧૪૨૨૭.૫૦ |
| કુલ | ૩૫૪૬૭.૨૫ | ૧૫૯૨૪૮.૭૦ | ૧૯૪૭૧૫.૯૫ |

**શરતો :–**

૧. ઈન્દિરા આવાસ યોજનામાં ભારત સરકારે કાચા મકાનોની જે વ્યાખ્યા કરેલ છે તે લાગુ પાડવાની રહેશે તેમજ હાલના તબકકે કાચા મકાનો (૧૭ થી ૨૦ ગુંણાક ધરાવતા બીપીએલ કુટુંબોના) ની સંખ્યાની જે મર્યાદા નિશ્ચિત કરવામાં આવેલ છે તે મર્યાદામાં જ લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

૨. જિલ્લાવાર નાણાંકીય તથા ભૌતિક લક્ષ્યાંકોની ફાળવણી વિ.ક.શ્રીની કચેરીએ કરવાની રહેશે.

૩. સદર આવાસ યોજનાના અમલીકરણ અંગેની સમગ્ર જવાબદારી રાજયના તમામ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ તે હેઠળના તંત્રની રહેશે. વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ આ અંગે પ્રગતિ અહેવાલમાં એકસુત્રતા જળવાય તે હેતુને ધ્યાનમાં લઈ પ્રગતિ અહેવાલનો નિયત નમુનો તૈયાર કરી તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને મોકલાવી આપવાનો રહેશે. આ યોજનાનું મોનીટરીંગ વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ કરવાનું રહેશે તેમજ આ યોજનાનો માસિક પ્રગતિ અહેવાલ તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ દર માસની ત્રીજી તારીખે વિકાસ કમિશ્નરશ્રીની કચેરીને મોકલાવી આપવાનો રહેશે. વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ દર માસની પાંચમી તારીખે આ યોજનાનો પ્રગતિ અહેવાલ આ વિભાગને મોકલાવી આપવાનો રહેશે.

૪. આ યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઈનો ખર્ચ તે જ હેતુ હેઠળ કરવાનો રહેશે અને જો બચત રહે તો નિયત સમયમર્યાદામાં સરન્ડર કરવાની રહેશે. બચતનો ઉપયોગ અન્ય હેતુ માટે કરી શકાશે નહી.

૫. વંચાણ–૧ માં દર્શાવેલ ઠરાવની અન્ય શરતો અને વિગતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૩૧/૭/૨૦૧૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(આઈ.એમ. શેખ)**
**નાયબ સચિવ**
**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

પ્રતિ,

– માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
– માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
– સર્વે માન. મંત્રીશ્રી, રા.ક.મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
– એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
– કમિશ્નર વ સચિવશ્રી, ગ્રામ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
– વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
– સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
– સર્વે જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત)
– સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
– નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– ઉપસચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– શાખા સિલેકટ ફાઈલ